# મોડાસાના ગ્રામ્ય વિસ્તારોમાં ઘરફોડ ગેંગની કમાલ

## બામણવાડ ગામે ૪ બંધ મકાનમાં લાખ્ખોની ધાપ મારી

મોડાસા, તા. ૮

અરવલ્લી જીલ્લામાં ઘરફોડગેંગ અને તસ્કરોએ લૂંટની ઘટનાને અંજામ આપવા મોડસ ઓપરેન્ડી બદલી હોય તેમ સતત શહેરી વિસ્તારોના બદલે ગ્રામ્ય વિસ્તારોના બંધ મકાનોને નિશાન બનાવી લૂંટ ચલાવવામાં આવતી હોવાથી પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. મોડાસા તાલુકાના ગઢડા ગામમાં ૫ મકાનોમાં લૂંટની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યાં બામણવાડ ગામે ૪ બંધ મકાનો અને પાન પાર્લરના કેબિનમાં તસ્કરો ત્રાટકી લાખ્ખો રૂપિયાની લૂંટ ચલાવી રફુચક્કર થતા ગ્રામજનોમાં ભય ફેલાયો હતો. મોડાસા રૂરલ પોલીસ બામણવાડ દોડી આવી પ્રાથમિક તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



મોડાસાના બામણવાડ ગામે ગુરુવારે રાત્રીના સુમારે તસ્કરોએ ત્રાટકી તળખળાટ મચાવી દીધો હતો અને ૪ બંધ મકાનોમાંથી ૨ બંધ મકાનમાંથી લાખ્ખો રૂપિયાના સોના ચાંદીના દાગીનાની લૂંટ ચલાવી હતી. બે બંધ મકાનમાં તસ્કરોનો ફેરો ફોગટ સાબિત થયો હતો.

બામણવાડ ગામે જાડેજા ફળિયાના અને નજીક આવેલા ફાર્મ હાઉસમાં રહેતા રણજીતસિંહ લાલસિંહ જાડેજા અને બળવંતસિંહ લાલસિંહ જાડેજાના મકાનના નકુચા અને તાળા તોડી ૩ સોનાના અછોડા, સોનાનું લોકીટ અને છડા અને રોકડ રૂપિયાની લૂંટ ચલાવી ગામમાં પંચાલ ફળિયામાં આવેલા પંચાલ અમૃતભાઈ ધુળાભાઈ અને પંચાલ હસમુખભાઈ નારાયણ ભાઈના બંધ મકાનમાં ત્રાટકી લૂંટી શકાય એવી રોકડ કે ચીજવસ્તુ હાથ ન લાગતા બંને મકાનમાં રહેલો માલસામાન રફેદફે કરી દીધો હતો. તસ્કરોએ ગામમાં આવેલા જય માતાજી પાન પાર્લરનું શટર ઉંચકાવી પરચુરણ ઉઠાવી ફરાર થઈ જતા વહેલી સવારે ગ્રામજનોને જાણ થતા લૂંટનો ભોગ બનેલા પરિવારજનોને જાણ કરી હતી. બામણવાડમાં ૪ બંધ મકાનોના તાળા તૂટતાં અને લાખ્ખોની લૂંટના પગલે મોડાસા ગ્રામ્ય પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ઘરફોડ ચોરોનો આતંક વધતા પ્રજાજનોએ પોલીસતંત્ર દ્વારા નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવાની માંગ કરી હતી.




# અરવલ્લી જિલ્લાના પ્રજાજનો ઠંડીમાં ઠુઠવાયા

## તેજ ગતિએ વહેતા પવનોથી વાહનચાલકો ત્રાહિમામ

મોડાસા, તા. ૮

અરવલ્લી જીલ્લામાં શિયાળાના અંતિમ ચરણમાં ગુજરાત અને રાજસ્થાન ઉપર છવાયેલા અપર એર સાયક્લોનિક અસરની અસર સતત બીજા દિવસે જોવા મળતા તેજગતિએ પવન ફૂંકાવાની સાથે બર્ફીલા પવનોથી પારો નીચે સરકતા ૧૦ ડિગ્રી આવી જતા પ્રજાજનો રીતસરના ઠંડીમાં ઠુંઠવાયા હતા.

અરવલ્લી જીલ્લામાં સતત બીજા દિવસે સવારથી સુસવાટા મારતો પવન ફૂંકાવાનો શરૂ થતા વેગીલા પવનથી બારી-દરવાજા ખખડી ઊઠયાં હતા. ખુલ્લા મેદાનોમાં અને માર્ગો પર ધૂળની ડમરીઓ ઉડતા વાહનચાલકોને હેલ્મેટ પહેરવાની કે રૂમાલ બાંધવાની ફરજ પડી હતી. અચાનક ઠંડી વધવાથી લોકોને ફરી ગરમ કપડાંમાં લપેટાવું પડયું હતું. માંડ બે દિવસ ઠંડીથી રાહત મળ્યા બાદ વધુ એકવાર ઠંડીએ ઉગ્રરૂપ ધારણ કરતા પ્રજાજનો તાપણાના સહારે ઠંડીથી રાહત મેળવવા પ્રયત્નો કર્યા હતા.



# ભિલોડા પાસે કીડીખાઉ કૂવામાં ઉતરી પડતાં દોડધામ

ભિલોડા,તા.૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સિલાસણ ગામના જંગલ વિસ્તાર પાસેના ખેતરના કુવામાંથી કીડીખાઉ પ્રજાતિ જોવા મળતાં લોકોના ટોળેટોળા એકત્રીત થઈ ગયા હતા. કીડીખાઉ નામના પ્રાણીને જોઈને લોકો આશ્ચર્યચકીત થઈ ગયા હતા. વન વિભાગ ધ્વારા કીડીખાઉને સલામત રીતે કુવામાંથી બહાર કાઢી નિર્જન જંગલ વિસ્તારમાં છોડી દેવાયું હતું.

વન વિભાગના રોજમદાર ધુળાભાઈ કોદરભાઈ તરાર સિલાસણ પંથકના જંગલ વિસ્તારમાં ફરજ બજાવતા તે દરમ્યાન ખેતરના કુવામાં કીડીખાઉ નામનું પ્રાણી જોવા મળતાં નવાઈ લાગી હતી. વન વિભાગના અધિકારીઓનો સંપર્ક કર્યો હતો. વન વિભાગની ટીમ ધ્વારા કીડીખાઉને કુવામાંથી બહાર કાઢવા માટે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરાયું હતું.

ભાગ્યે જ જોવા મળતી પ્રજાતિ કીડીખાઉ નામનું પ્રાણી સિલાસણ ગામ પાસેના જંગલ વિસ્તાર નજીક સિમાડામાં આવેલા સિમ વિસ્તારના ખેતરના ૨૫ ફુટ ઉંડા કુવામાં કીડીખાઉ નામની પ્રજાતિ એકાએક ઉતરી પડતાં બહાર કાઢવા માટે ભિલોડા પરીક્ષેત્ર વન અધિકારી પ્રિયાંકભાઈ એચ. પટેલના માર્ગદર્શન હેઠળ વન વિભાગના અધિકારીઓ રાજદિપભાઈ સોલંકી, પ્રદિપસિંહ રહેવર, સુરપાલભાઈ બરંડા, રાજુભાઈ બામણીયા, જયેશભાઈ ડામોર ધ્વારા રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરાયું હતું. વન વિભાગના અધિકારીઓએ ભારે જહેમત બાદ કુવામાંથી કીડીખાઉ નામનું પ્રાણી બહાર કાઢયું હતુ. કીડીખાઉ નામનું પ્રાણી સ્વસ્થ હાલતમાં હતું.નાયબ વન સંરક્ષક ડૉ. અભિષેકકુમાર અરવલ્લી જીલ્લા વન વિભાગની સુચના અનુસાર કીડીખાઉને સુરક્ષીત રીતે જંગલ વિસ્તારમાં મુક્ત કરાયું હતું.



# મોટા સામેરા ગામના યુવકને ભત્રીજાની લગ્ન કંકોત્રી આપવા જતા ભેટ્યું મોત

## બાઈક સ્લીપ થતા જશ્નનો માહોલ ગમગીન બન્યો

મોડાસા-હિંમતનગર રોડ પર આવેલા ગઢડા ગામ નજીકથી પસાર થતા બાઈક ચાલકની બાઈક અગમ્ય કારણોસર સ્લીપ થતા રોડ નજીક ખાડામાં ખાબકતા બાઈક ચાલક યુવકનું માથું સિમેન્ટના પિલર અને ઝાડ સાથે ભટકતા કમકમાટી ભર્યું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી.



શામળાજી નજીક આવેલા મોટા સામેરા ગામના અને શામળાજી ખાનગી લેબોરેટરીમાં નોકરી કરતા પ્રવીણભાઈ હેમાભાઈ પગી નામનો યુવક ગુરુવારે રાત્રે તેમના ભત્રીજાનું લગ્ન હોવાથી બાઈક લઈ લગ્નની કંકોત્રી સગા-સંબંધીઓના ઘરે વહેંચવા નીકળ્યો હતો. મોડાસાના શામપુર ગામે લગ્ન પત્રિકા વહેંચી પરત ઘરે ફરી રહ્યો હતો ત્યારે ગઢડા નજીક બાઈક પરથી કાબુ ગુમાવતા બાઈક સ્લીપ ખાઈ રોડ નજીક ખાડામાં ધડાકાભેર ખાબકતા સિમેન્ટના પિલર સાથે માથું અથડાતા ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઉડી ગયું હતું. રાત્રિનો સમય હોવાથી અકસ્માતની જાણ કોઈને થઈ ન હોતી વહેલી સવારે પસાર થતા વાહનચાલકે અને ગામલોકોએ બાઈક ખાડામાં ખાબકેલી જોતા તપાસ કરતા બાઈકની બાજુમાં યુવકનો મૃતદેહ મળી આવતા મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે તાબડતોડ પહોંચી મૃતદેહને પી.એમ. માટે ખસેડી મૃતક યુવકના પરિવારજનોને જાણ કરતા મોટી સંખ્યામાં દોડી આવી આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી. મોડાસા રૂરલ પોલીસે મૃતકના ભાઈ રમેશભાઈ હેમાભાઈ પગીની ફરિયાદના આધારે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ધનસુરા વીજતંત્રની બેદરકારીનો ભોગ રમાણાનો ખેડૂત બન્યો

# વીજતારમાં શોર્ટસર્કિટથી બે લાખનું ઘાસ સ્વાહા

ધનસુરા, તા. ૮

અરવલ્લી જીલ્લામાં વીજતંત્રની આળસના લીધે ખેતરોમાં પડેલો પાક લચકાતા વીજતારને લીધે પવનોનું જોર વધતા તારમાં શોર્ટસર્કિટ થતા તણખલા ઝરતા પાક બળીને ખાખ થઈ જવાની અનેક ઘટનાઓ છાસવારે બનતી હોય છે. ધનસુરા તાલુકાના રમાણા ગામના શીભાંભાઈ પુંજાભાઈ ભરવાડે પશુઓ માટે ખેતરમાં રાખેલો ઘાસચારો ખેતર પરથી પસાર થતા વીજતારમાં શોર્ટસર્કિટથી આગ લગતા બળીને ખાખ થતા ભારે અફડાતફડી મચી હતી.



ધનસુરા તાલુકાના રમાણા ગામના શીભાંભાઈ પુંજાભાઈ ભરવાડે પશુઓના ખોરાક માટે ગામ નજીક આવેલા ખેતરમાં (વરંડા)માં દસ હજાર જુવારના પૂળા, ૨ ટ્રેક્ટરની ટ્રોલી જેટલું મગફળીનું ભુસુ અને ૧ ટ્રેક્ટર મકાઈના રાડાનો કીં. આશરે ૨ લાખ રૂપિયાનો સૂકો ઘાસચારો સંગ્રહ કરી રાખ્યો હતો. શુક્રવારે બપોરના સુમારે ખેતર પરથી પસાર થતા લચકાતા વીજતાર ભેગા થઈ જતા ધડાકાભેર તણખા ઝરતા સૂકા ઘાસચારામાં ભીષણ આગ લાગતા ગામ લોકો દોડી આવ્યા હતા. આગને પાણીના ટેન્કરો વડે પાણીનો મારો ચલાવી કાબુમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. ઘાસચારો સૂકો હોવાથી આગ લાગતા ઘડીકભરમાં રાખ બની જતા પશુપાલક પર આભ તૂટી પડ્યું હતું. ધનસુરા યુજીવીસીએલ કચેરીમાં જાણ કરતા અધિકારીઓ દોડી આવી લચકાતા વીજતાર બદલવાની કામગીરી હાથ ધરી સર્વે કર્યો હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. વીજતંત્રની બેદરકારીનો ભોગ બનેલા શીભાંભાઈ પુંજાભાઈ ભરવાડે વીજતંત્ર કચેરી દ્વારા વળતર ચુકવવામાં આવેની માંગ કરી હતી.




## અરવલ્લી જિલ્લાના સેવાસદન મોડાસા ખાતે ક્લેક્ટરે ઈવીએમ તેમજ વીવીપેટ જાગૃતિ રથનું પ્રસ્થાન કરાવ્યું

મોડાસા, તા. ૮

અગામી લોકસભાની ચૂંટણીમાં મતદાર અધિકાર અને તેની પ્રક્રિયા અંગે વધુમાં વધુ લોકો માહિતગાર થાય તે હેતુસર અરવલ્લી જિલ્લાના મોડાસા જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટર એમ.નાગરાજને લીલી ઝંડી આપીને ઈવીએમ તેમજ વીવીપેટ જાગૃતિ રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ જાગૃતિ રથ દ્વારા અરવલ્લી જિલ્લાના છ તાલુકાઓમા દરેક ગામડાઓમાં લોકો મતદાનનો વધુમાં વધુ ઉપયોગ કરે તેની જાણકારી જાગૃતિ રથ દ્વારા માહિતી પુરી પાડવામાં આવશે. આ જાગૃતિ રથના પ્રસ્થાન પ્રસંગે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી પ્રિતેશ દવે, અધિક નિવાસી કલેકટર, જિલ્લા સેવા સદનના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહયાં હતાં.

# પાલનપુરના ડીસા હાઈવે પર અકસ્માત : ૧નું મોત

## દૂધના ટેન્કરે બાઈકસવારને ચગદી નાખતા કમકમાટીભર્યું મોત

પાલનપુરના ડીસા હાઈવે પર ગોઝારો અકસ્માત થયો હતો. લડબી નાળા નજીક તિરુપતિ ટાઉનશીપ પાસે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. જેમાં દૂધના ટેન્કર ચાલકે બાઈક ચાલકને કચડી ટવેરા કારને અડફેટે લીધી હતી. જેમાં બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જયારે અન્ય ૧ વ્યક્તિ ઘાયલ થયો હતો.



પાલનપુરના ડીસા હાઈવે પર તિરૂપતિ ટાઉનશીપ સામેથી માતેલા સાંઢની જેમ પુરઝડપે આવતા દૂધના ટેન્કરે એક ટવેરા ગાડીને અડફેટે લીધા બાદ બાઈકને ટક્કર મારી હતી. જેમાં બાઈક પર સવાર મૂળ વાઘરોળ તા.સિદ્ધપુરના રહેવાસી મહેશ ડાયાભાઈ ચૌહાણ પર ટેન્કર ફરી વળતા તેમનું કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું. મૃતકના માંસના લોચેલોચા રોડ પર ચોંટી જતા અરેરાટીભર્યા દ્રશ્યો સર્જાયા હતા.

જયારે બાઈક પર સવાર અન્ય એક વ્યક્તિ શબ્બીરભાઈ અકબરભાઈ સુણસરા રહે. સિદ્ધપુરને ગંભીર ઈજાઓ થતા જેઓને સારવાર અર્થે ૧૦૮ મારફતે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. ઘટનાને પગલે લોકોના ટોળેટોળાં ઉમટ્યા હતા. જોકે, અકસ્માત બાદ ટેન્કરચાલક ફરાર થઈ ગયો હતો.

# ધનસુરામાં કૃમિનાશક દિનની ઉજવણી કરાઈ

ધનસુરા, તા. ૮

રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ નિમિત્તે દેશભરમાં બાળકોને કૃમિની ગોળીઓ આપવામાં આવે છે. ધનસુરામાં પણ રાષ્ટ્રીય કૃમિનાશક દિન નિમિત્તે બાળકોને કૃમિની ગોળીઓ આપવામાં આવી હતી. ૧ થી ૧૯ વર્ષના બાળકોને આ ગોળીઓ અપાઈ હતી. બાળકોમાં કૃમિ ના થાય એ માટે ધનસુરા તાલુકામાં પણ પ્રાથમિક શાળાઓ, હાઈસ્કૂલો, આંગણવાડી કેન્દ્રો પર કૃમિની ગોળીઓ અપાઈ હતી. કૃમિ ના કારણે બાળકો અવારનવાર બીમારીમાં સપડાતા હોય છે અને બાળકોમાં ભણવામાં પણ નબળાઈ આવે છે. જે બાળકો શાળામાં જતા નથી એમને પણ આંગણવાડી કેન્દ્રો પર ગોળીઓ અપાઈ હતી. આ કાર્યક્રમ ધનસુરા તાલુકા હેલ્થ ઓફિસર યોગેશભાઈ ગોસ્વામીની આગેવાનીમાં યોજાયો હતો. આ કાર્યક્રમમા મેડિકલ ઓફિસર મૌલિકભાઈ પ્રજાપતિ, આરોગ્ય કર્મચારી મહેશભાઈ સહિત આરોગ્ય કર્મચારીઓ જોડાયા હતા.



# કાંકરેજ તાલુકાના આકોલી, રણાવાડા, કંબોઈ ગામોમાં પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

કાંકરેજ તાલુકાના કંબોઈ ગામે રાજ રાજેસ્વરી દેવી બહુચરાજી માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા યોજાઈ હતી અને હજારોની સંખ્યામાં લોકો દર્શન કરવા માટે ઉમટી પડ્યા હતા ત્યારે રણાવાડા જાગીર ખાતે બ્રહ્મસમાજ ના રાવલ પરિવાર દ્વારા મોમાઈ માતાજી પ્રતિષ્ઠા યોજાઈ હતીતેમાં બ્રહ્મસમાજ ના હરગોવનભાઈ શિરવાડિયા. કાંકરેજ ધારાસભ્ય કીર્તિસિંહ વાઘેલા. ડાયાભાઈ પીલિયાતર. રણાવાડા સરપંચ અંબારામભાઈ રાવલ. પૂર્વ પાણી પુરવઠા મંત્રી હારજીવ પટેલ.કનુભાઈ વ્યાસ ઉધોગપતિ. જૈ મુકેશભાઈ રાવલ.જોષી જગન્નાથભાઈ પ્રમુખ પાંચ પરગણા બ્રહ્મસમાજ તેમજ અન્ય સરપંચ ડેલીગેટ તેમજ રાજકીય સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા ત્યારે હરગોવનભાઈ એ બ્રાહ્મણ ને ફરજિયાત જનોઈ ધારણ કરી પૂજા પાઠ કરવા માટે અનુરોધ કર્યો હતો ત્યારે આકોલી ગામે કાલોર પરિવાર દ્વારા માતાજીના ફોટા પ્રતિષ્ઠા યોજાઈ હતી અને સ્વ.ભુવાજી. હરિબા કાલોર ની વિહત માતાજી ના રાયભણસિંહ, હેમુભા. બી. વાઘેલા સહિત અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને માતાજીના દર્શન નો લાભ લીધો



મંદિરે દર્શન કરવા માનવ મહેરામણ ઉંમટયું હતું શોભાયાત્રા ગામ ચોફેર પરિભ્રમણ કરી નિજ મંદિરે પરત ફરી હતી અને માતાજીના ફોટા પ્રતિષ્ઠા કરી હતી આ પ્રસંગે આકોલી ના મેવાભાઈ હરિભાઈ કાલોર. ગાડાજી વાઘેલા સરપંચ. વિજુભા આર વાઘેલા પૂર્વ સરપંચ. રામજીભાઈ દેસાઈ સરપંચ. બનેશિહ વાઘેલા. બચુભા હતો ત્યારે મંદિર ના મુખ્ય દાતા તેમજ દાનવીરો ને સાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા અને કંબોઈ ગામે માં બહુચરાજી ની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ માં કુપાણી પાટી સોલંકી પરિવાર તરફથી સુંદર રીતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું અને હજારોની સંખ્યામાં લોકોને ભોજન પ્રસાદ પીરસ્યું હતું.

# દાંતા પોલીસ સ્ટેશનનો એએસઆઈ ૧૦ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપાયો

## ફરીયાદીએ ટોલ ફ્રી નંબર પર ફોન કરી એસીબીને જાણ કરતા એસીબી પોલીસે છટકુ ગોઠવ્યુ

દાંતા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એએસઆઈએ મારામારીના ગુનામાં અરજીનો નિકાલ કરવા માટે રૂ.૧૫ હજારની લાંચ માગી હતી.જેથી જાગૃત નાગરીકએ એસીબીના ટોલ ફ્રી નંબર ઉપર ફોન કરી ફરીયાદ નોંધાવતા એસીબી પોલીસે છટકુ ગોઠવી એએસઆને રૂ.૧૦ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપી લીધો હતો.જેના પગલે પોલીસ બેડામાં ખળભળાટ મચીગયો હતો.

બનાસકાંઠાના દાંતા પોલીસ સ્ટેશનમાં એક વ્યક્તિ વિરૂધ્ધ મારા-મારીની જાણવા જોગ ફરીયાદ નોધાઈ હતી.જેની તપાસ દાંતા એએસઆઈ પ્રવિણભાઈ ગણેશભાઈ પરમાર રહે.ડીસા ચલાવી રહ્યા હતા.જેથી મારામારીની અરજીમાં હેરાન ન કરવા તેમજ અરજી ફાઈલ કરવા અને શાંતીથી કેસનો નિકાલ કરવા માટે રૂ.૧૫ હજારની લાંચની માગણી કરી હતી.જેથી જાગૃત નાગરીકએ એસીબીના ટોલ ફ્રી નંબર ૧૦૬૪ ઉપર એસસીબી પોલીસને જાણ કરી હતી.જેથી એસીબી પીઆઈ કે.જે.પટેલે છટકુ ગોઠવ્યુ હતુ.અને દાંતાની અંબે દર્શન હોટલ સામે જાહેર રોડ ઉપર લાંચની રકમ આપવા માટે બોલાવવામાં આવ્યા હતા.જેથી એએસઆઈ પ્રવિણ પરમાર લાંચની રકમ લેવા આવ્યા હતા.અને રકમની રકજક બાદ રૂ.૧૦ હજાર સ્વિકાર્યા હતા.જેથી એસીબી પોલીસે રંગે હાથ જડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.જેના પગલે પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો હતો.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧